## ગાંધીનગર મને ગમે છે...



**- ડૉ. શંકરસિંહ રાણા**

કુદરતી વાતાવરણમાં ૩૦ સેક્ટરો, રોડ અને રસ્તાથી વહેંચાયેલું ગાંધીનગર સ્વાભાવિક રીતે દરેકને ગમે છે. ગાંધીનગરમાં વર્ષોથી વૃક્ષોની વનરાજી, જુદા-જુદા કલરના પુષ્પો અને પર્યાવરણીય રીતે ખૂબ સારૂ અને જતન થયેલું આ શહેર શરૂઆતમાં ગામડીયું લાગતું હતું, એને શહેર તરીકેની ઓળખ મળતા સમય ગયો, પરંતુ આજે શહેરની સંપૂર્ણ ઓળખ એને જ્યારે મળી ચૂકી છે ત્યારે ગમતા નગરના આજુ-બાજુના ગામડાના લોકોમાનો હું એક છેલ્લા ૧૫ વર્ષથી ગાંધીનગરમાં રહું છું, ત્યારે ગાંધીનગરનો પ્રેમ એ ઘણા બધા કારણોથી મને મળ્યો છે. એક બાજુ સાબરમતી નદીનો કિનારો, ખડખડ વહેતા સાબરના જળ, સૌંદર્યને ખૂબ સારી રીતે બક્ષે છે. એમાંય સરિતાઉદ્યાન એ ગાંધીનગરનું નવલું નજરાણું છે. જુદા-જુદા બગીચા અને સાથે-સાથે રોડ રસ્તાઓનું કરવામાં આવેલું ચોક્કસ પ્રકારનું આંકલન ચંદીગઢની પ્રતિકૃતિને પણ શરમાવે તેવું છે. ગાંધીનગરને જોવું હોય તો રાત્રે એના રોડ રસ્તાઓ અને એની સ્ટ્રીટલાઈટોને નજીકથી જોવી પડે. ક્યારેક સમી સાંજે શાકભાજી બજારમાં જઈએ છીએ ત્યારે જુદા જુદા પ્રકારના તરો-તાજા શાકભાજી, ગાંધીનગરની આજુબાજુના ગામડાઓના ખેડૂતોની યાદ અપાવ્યાં વગર રહેતી નથી. ગુજરાતના પાટનગર તરીકે

● અનુસંધાન પાન-૭ પર

# હાસ્યલેખક અજીતસિંહની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના લેખોનું સંકલન ‘બાપુની નજરે દુનિયા’નું વિમોચન

ગાંધીનગર, તા. ૯

ગુજરાતી ભાષાના જાણીતા




હાસ્યલેખત અજીતસિંહની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તો આવતીકાલે તા. ૧૦મી એપ્રિલના રોજ તેમના હાસ્યલેખોનું સંકલન ‘બાપુની નજરે દુનિયા’ પુસ્તકનું વિમોચન કરવામાં આવશે.

ગયા વર્ષે કોવિડના કારણે ખુબ નાની ઉંમરે દુનિયા છોડી જનારા હાસ્યલેખક અજીતસિંહ પરમાર ગુજરાતના ઘણા જાણીતા અખબારોમાં હાસ્યલેખો લખતા હતા. તેમની હાસ્યલેખની નિયમિત કોલમ પણ ઘણા અખબારોમાં ચાલતી હતી. ૩૧ માર્ચ, ૧૯૬૧ના રોજ ઉત્તર ગુજરાતના ડીસા ખાતે જન્મનાર અજીતસિંહ પરમાર હંમેશા રમતગમતમાં અને અભ્યાસમાં આગળ રહ્યા હતા. મેડીકલમાં પ્રવેશ મળે તેમ હોવા છતાં તેઓએ સીવીલ એન્જીનિયરીંગનું ક્ષેત્ર પસંદ કર્યુ. વળી તેઓને સાહિત્ય અને લેખનમાં પણ ખુબ રસ હોવાથી તેઓએ જર્નાલિઝમનો અભ્યાસ કર્યો અને તેમાં પણ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો.

૧૯૮૯થી તેઓએ અખબારોમાં લેખનકાર્ય શરૂ કર્યુ. હાસ્યલેખનના ક્ષેત્રમાં ઘણા ઓછા લેખકો લેખનકાર્ય કરે છે ત્યારે અજીતસિંહ પરમારે અનેક અખબારોમાં હાસ્યલેખો લખી વાંચકોને હાસ્ય પિરસ્યુ. રોજીંદી ઘટનાઓને હાસ્યરૂપે પ્રસ્તુત કરી તેમણે વાચકોની ઘણી વાહવાહી મેળવી. ગયા વર્ષે ૧૦મી એપ્રિલના રોજ કોવિડની મહામારી દરમ્યાન તેમનું અવસાન થયું.

તેમની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તો તેમના પરિવારજનોએ અજીતસિંહના હાસ્યલેખોનું સંકલન કરીનેે ‘બાપુની નજરે દુનિયા’ પુસ્તક લખ્યું છે. તેનું વિમોચન આવતીકાલે ૧૦મી એપ્રિલના રોજ બપોરે ૩ વાગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, રેડક્રોસ ભવન, આશ્રમ રોડ, જૂના વાડજ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે. અતિથિ વિશેષ તરીકે જાણીતા લેખક અશોક દવે, મયુર પાઠક, મુકુલ ચોકસી અને દેવેન્દ્ર બારોટ ઉપસ્થિત રહેશે.

સ્વ. અજીતસિંહ પરમારના પરિવારજનો અમિતા, અભિજીત સિંહ, અદિતી, હિમાંગની અને શ્રીજીતે આ લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યુ છે.



અંગારા વરસાવતા આકાશમાં ખોરાકની શોધમાં નીકળેલી ચીલ ખુબ જ ઝડપથી જમીન પર નજર ફેરવી રહી છે. ખૂબ ઉંચે આકાશમાં ઉડતી ચીલની નજર ખુબ તેજ હોય છે. જાડીઓમાં છુપાયેલો તેનો શિકાર તેને આટલી ઉંચેથી પણ તુરંત જ દેખાઈ જાય છે. શિકાર નજરે ચડે તે સાથે જ તેના પર તરાપ મારતી ચીલ કેમેરામાં કેદ થઈ છે.

# ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન દ્વારા કબીર પારખ ધામ ખાતે ચાર દિવસીય સ્ટેપ અપ સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા સેક્ટર-૨૪, કબીર પારખ ધામ ખાતે ચાર દિવસીય સ્ટેપ અપ સમર કેમ્પ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦થી પણ વધુ



બાળકોએ ભાગ લઈ સતત ૪ દિવસ સુધી એક્સસાઈઝ, ટેક્વોન્ડો, ડ્રિલ, યોગા, ગન શૂટિંગ જેવી અલગ-અલગ પ્રવૃત્તિઓ કરી હતી. આ સ્ટેપ અપ સમર કેમ્પમાં સંસ્થાનાં સેક્રેટરી અને ઈવેન્ટ કો-ઑર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગર થકી ગાંધીનગર મનપાનાં વિપક્ષ નેતા અંકિત બારોટ, પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટનાં લક્ષ્મીબેન જોષી, હર્ષિદાબેન દવે અને માહી સિંઘે વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહી સતત ૪ દિવસ સુધી તાલીમ લઈ રહેલાં કેમ્પનાં દરેક તાલીમાર્થીઓને એમનાં વરદહસ્તે ગૌરવ સાથે સર્ટિફિકેટથી સન્માનિત કર્યા હતાં. ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાનાં સિનિયર માનસી ભાવસાર, ક્રિશા ભાટિયા, તુષાર રાઠોડ, સુધીર ભદ્રવાજ, સંદિપ રાવલ અને સમર્થ ગઢવી એ સતત ૪ દિવસ સુધી તાલીમાર્થીઓને તાલીમ આપી હતી સાથે સાથે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું અને કેમ્પનાં ડિરેક્ટર જતીન દવેએ વિશેષ સહભાગી થઈ સ્ટેપ અપ સમર કેમ્પને સફળ બનાવ્યો હતો તથા મિલાપ ટાટારિઆ ટાઈગરએ દરેક એ દરેક ટીમનો, તાલીમાર્થીઓનો, ઉપસ્થિત મહેમાનો, સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર તથા કોચ અને તાલીમાર્થીઓનાં માતા-પિતાનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.




આયુર્વેદ શાખા, જીલ્લા પંચાયત ગાંધીનગર ધ્વારા આયુષ મેગા કેમ્પનું હનુમાનજી મંદિર ડભોડા ગામ ખાતે આયુર્વેદ અને હોમિયોપથી સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગરમાં નીફ્ટ ખાતે “શિલ્પ મેળા-૨૦૨૨”નો શુભારંભ





ગાંધીનગર, તા. ૯

નીફ્ટ ગાંધીનગર દ્વારા તા. ૯ અને ૧૦ એપ્રિલ, ૨૦૨૨ના રોજ હાથશાળ તથા હસ્તકલા દ્વારા બનાવેલા ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિલ્પ મેળાનું ઉદ્ઘાટન ભારત સરકારના વસ્ત્ર અને રેલ્વે રાજ્યમંત્રી દર્શના જરદોશના વરદહસ્તે ઓનલાઈન માધ્યમથી કરવામાં આવ્યું હતું. તેઓએ નીફ્ટના આ કાર્યને બિરદાવ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ શિલ્પ મેળો પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓને પ્રદર્શિત થનાર ૧૬ અલગ-અલગ હસ્તકલાઓ વિશેની માહિતી મેળવવામાં તથા હસ્તકલાના સારા અને નબળાં પાસાંથી અવગત કરાવશે. તદુપરાંત પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ હસ્તકલાઓને જીવંત રાખવામાં તથા આગળ વધારવામાં મદદરૂપ થશે. આ પ્રસંગે નીફ્ટના મહાનિર્દેશક તથા વસ્ત્ર મંત્રાલયના ડેવલોપમેન્ટ કમિશનર શાંતમનું ઓનલાઈન માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી. આ સાથે પ્રો. ડૉ. વંદના નારંગ, શૈક્ષણિક ડીન, નીફ્ટ અને પ્રો. ડૉ. રૂપા અગ્રવાલ, હેડ કલસ્ટર, નીફ્ટ દ્વારા પણ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (નીફ્ટ) કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલય અંતર્ગત કાર્યરત આંતરરાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક સંસ્થા છે. નીફ્ટમાં ડેવલપમેન્ટ કમિશનર હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ દ્વારા પ્રાયોજિત ક્રાફ્ટ કલસ્ટર ઈનીસીએટીવ અંતર્ગત ડિઝાઈન, ટેકનોલોજી અને મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ દરેક સેમેસ્ટરમાં પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિવિધ વિષયો અંતર્ગત હસ્તકલા સાથે જોડાયેલા રહે છે. આ ઉપરાંત નીફ્ટના પ્રાધ્યાપકો પણ અલગ અલગ સંસ્થાઓના પ્રોજેક્ટ અંતર્ગત સ્કીલ અપગ્રેડેશન તથા ડિઝાઈન ઈન્ટવવેન્શનમાં સતત કાર્યરત રહે છે. શનિ-રવિ બે દિવસ સાર્વજનિક રીતે ખુલ્લું મુકવામાં આવેલ આ પ્રદર્શનને બહોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

# ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા ‘કાશ્મીર ફાઈલ્સ ની હિંદુ સમાજ પર અસર’ એ વિષય પર પ્રબુદ્ધ સંવાદ કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા.૯

વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૭:૦૦ વાગ્યે ગુજરાતના વૈચારિક જગતમાં કાર્યરત એવા ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્ર દ્વારા ‘કાશ્મીર ફાઈલ્સની હિંદુ સમાજ પર અસર’ એ વિષય પર પ્રબુદ્ધ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરમાંથી વિવિધ ક્ષેત્રોમાં સક્રિય જેવા કે શિક્ષણ, વકીલ, સરકારી અધિકારી, ડોક્ટર, ઈજનેર વગેરે મળી કુલ ૩૦ જેટલા પ્રબુદ્ધજનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બધાએ વારાફરતી કાશ્મીર ફાઈલ્સ ફિલ્મ વિશે, સન ૧૯૯૦ માં બનેલી ઘટનાઓ, કાશ્મીરમાં ફરવા જતી વખતે થયેલા પોતાને થયેલા અનુભવો વગેરે તાદશ રજુ કર્યા હતા. કાર્યક્રમમાં સામેલ તમામ પ્રબુદ્ધજનોએ આ વાતનો સ્વીકાર કર્યો કે આજની યુવા પેઢીને ભૂતકાળમાં બનેલી ઘટનાઓ વિશે ખૂબ જ ઓછું જ્ઞાન છે અને કાશ્મીર ફાઈલ્સ ફિલ્મે યુવાઓમાં હિંદુઓ પર થયેલા અત્યાચારો પ્રત્યે એક જુવાળ ઉભો કર્યો છે. આ યુવાશક્તિને હવે યોગ્ય દિશામાં વાળવી જરૂરી છે. શાળામાં શિક્ષકોએ પણ પોતાની ફરજ સમજીને વિદ્યાર્થીઓને સાચા ઈતિહાસની માહિતી આપવી જોઈએ. બધાએ અંતે આશા વ્યક્ત કરી કે જલ્દીથી કાશ્મીરમાં કાશ્મીરી હિન્દુઓનું પુનઃસ્થાપન થાય. બધા પ્રબુદ્ધજનોએ દર મહિને આ પ્રકારના રાષ્ટ્રનિર્માણને લગતા વિષયો પર ચર્ચા સત્રનું આયોજન થાય એવી લાગણી વ્યક્ત કરી હતી.

# સમાજ સેવા - જરૂરિયાતમંદોને ૧૩ થી ૧૪ લાખની સહાય આપી

## નિસ્વાર્થ ભાવે કરાતી સેવા એ જ માનવતા : સોશિયલ મીડિયાના માધ્યમ થકી વ્યોમ અમીન દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે

ગાંધીનગર, તા. ૯

નિસ્વાર્થ ભાવે કરાતી સેવા એજ માનવતા. શહેરના એક યુવાને જરૂરિયાતમંદોને ખૂબ સહાય કરી છે. છેલ્લા બે વર્ષમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે ૧૩ થી ૧૪ લાખ રૂપિયાની સહાય કરીને સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. જેમાં ૯૦ થી પણ વિદ્યાર્થીઓએ આ સેવાકાર્યનો લાભ લીધો છે. આ સુંદર સેવાકીય પ્રવૃત્તિ કરનારા યુવાનનું નામ છે વ્યોમ અમીન. ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, પાલનપુર, સુરત, બરોડામાં પણ જરૂરિયાતમંદોની સેવા કરી છે. ગાંધીનગરના ૩૦ વર્ષીય સિવિલ એન્જિનિયર વ્યોમની સેવાકીય પ્રવૃત્તિઓ તેઓ સમજદાર થયા ત્યારથી જ ચાલુ છે. પણ કોલેજનો અભ્યાસ પૂરો થયા પછી ગાંધીનગરમાં અનેક મિત્રોની મદદથી તેમણે પોતાની અનેક સેવાકીય પ્રવૃત્તિઓને વેગ આપ્યો છે. જેમાં બ્લડ ડોનેશન, ગરીબ બાળકોને ભોજન, શાળાના ગરીબ બાળકોને સ્ટેશનરી અને પુસ્તકો અપાવવા શાળાની ફી ભરવી જેવા કાર્યો સામેલ



છે. આ ઉપરાંત યુ-બાઈક, એક્ટિવાની ખરીદી કરીને તેમણે બે દિકરીઓની સેવા કરી હતી. કોરોના કાળમાં પણ જરૂરિયાતમંદોને ફળોનું વિતરણ કર્યુ હતુ. જેની સેવા દોઢસો માણસોએ લીધી હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી કોરોના મહામારીમાં ૬ મહિનાના ગાળામાં ૧૦ લાખ જેટલી રકમ એકઠી કરી ૬૦ થી ૭૦ ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની ફી ભરી હતી. ૧૫૦ થી વધુ આર્થિક સહાય આપતા ડોનર્સની સહાયથી આ સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે.

કોરોના કાળમાં અનેક ધંધા-રોજગાર અને સેવાઓ ઠપ થતાં અનેક માણસો માટે ઘર પરિવારનું ગુજરાતન ચલાવવુ મુશ્કેલ બન્યુ ત્યાં બાળકોની શાળાની ફી ક્યાંથી ભરવી તે પ્રશ્ન ઉભો થયો હતો. વ્યોમ અમીનની મદદની વાત જાણનારાઓએ તેમનો ફી માટે સંપર્ક કર્યો અને વ્યોમે આ મુહિમને સોશિયલ મીડિયા થકી નાગરિકોમાં વહેતી કરી હતી. ડૉક્ટર, વકીલ, એન્જિનિયર, શિક્ષક, વેપારીઓ ઉપરાંત મધ્યમ વર્ગીય અનેક સેવાકીય મુહિમમાં જોડાયા જેઓ પોતે ૧૦ થી ૧૨ હજાર કમાતા હતા. ત્યાં સુધી કે કોલેજિયનો પણ પોતાની પોકેટમનીમાંથી મદદ કરવા આગળ આવ્યા. જરૂરતમંદો આવતા ગયા તો સામે દાતાઓ પણ મળતા ગયા. વ્યોમ અમીનના જણાવ્યા મુજબ કોરોના કાળમાં તેમણે અનાજની કીટનું વિતરણ કર્યુ હતુ. કોરોનાકાળમાં ફળોનો ભાવ આસમાને હતો તેવામાં ફળોનું પણ વિતરણ કર્યું હતુ. ગરીબના બાળકો, મજૂરના બાળકો, ડ્રાઈવરના બાળકોની આર્થિક સેવા કરી હતી.

વ્યોમ અમીનના મતે મારી જેમ અનેક યુવાનો આવા કાર્ય માટે આગળ આવે તો સમાજમાં અનેક જરૂરિયાતમંદ અને ગરીબોની સાચા અર્થમાં મદદ કરી શકાય છે. તાજેતરમાં જ બીબીએ કોલેજમાં એક જરૂરિયાતમંદ વિદ્યાર્થીને ૧૭ હજારની આર્થિક સહાય કરી હતી. આમ ગણી ન શકાય તેટલા માણસોની મદદ કરવામાં આવી છે.


